ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર

વિષય : (Oct-2026) માં યોજનાર T.Y. M.B.B.S. Part-I (Remedial) કોર્ષનાં પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ કોલેજોના ડીનશ્રીઓ, પ્રોફેસરશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને જણાવવાનું કે, **(Oct-2026)** માં યોજનાર **T.Y. M.B.B.S. Part-I (Remedial)** પરીક્ષાના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

(New ERP અંતર્ગત રીપીટર વિદ્યાર્થીઓની એન્ટ્રી કરતા સમયે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.)

College/Department Configuration ➡ Students Configuration ➡ Part/ATKT Student Subject Selection For Single Student

કોર્ષનું નામ	રેગ્યુલર ફી
T.Y. M.B.B.S. Part-I (Remedial) **(Batch 2023-24) (ફી ૪૯૫૦/-) (NEW ERP)**	**તા. ૦૧/૧૦/૨૦૨૬ થી તા. ૦૫/૧૦/૨૦૨૬**

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહી. રેગ્યુલર ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી × ૨(બે)] ભરી પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે.

રેગ્યુલર ફીની છેલ્લી તારીખ સુધીમાં ચલણ જનરેટ કરવાનું રહેશે, જો કોઇ કોલેજ દ્વારા ઉપર મુજબ ચલણ જનરેટ કરવામાં નહી આવે તો ત્યારબાદની તારીખમાં ચલણ જનરેટ થશે નહી જેની ગંભીરતાથી નોંધ લેવી.

છેલ્લી તારીખ બાદ <u>તા. ૦૭/૧૦/૨૦૨૬</u> ના રોજ ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ બેંકમા ભરેલ ચલણની રસીદ પરીક્ષા વિભાગમાં જમા કરવાના રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી.

ખાસ નોંધ :

૧. આથી દરેક કોલેજ ખાસ તકેદારી રાખવા વિનંતી છે કે નેશનલ મેડિકલ કમીશન(NMC) ના નિયમ મુજબ લાયકાત ન ધરાવતા તેવા કોઈ પણ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવામાં ન આવે. આમ છતાં જો આપની કોલેજ દ્વારા આવા કોઈ વિદ્યાર્થીનું ફોર્મ ભરવામાં આવશે, તો ભવિષ્યમાં ઉપસ્થિત થનારા પ્રશ્નો અંગેની સંપૂર્ણ જવાબદારી કોલેજની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

૨. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફ્ટવેરમાં એન્ટ્રી કરવી.

૩. કોલેજ એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે.

૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજ પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.

ડો. ડી. એમ. સુખડીયા
પરીક્ષા નિયામક

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૬૯૩/૨૦૨૬, તા. ૦૧/૧૦/૨૦૨૬
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩

પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે મેડીકલ કોલેજોના ડીનશ્રીઓ, પ્રોફેસરશ્રી તેમજ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો તરફ...

નકલ સવિનય રવાના:- (૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : exam@bknmu.edu.in